
## આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

**આજે રાશિ વૃશ્ચિક**

**આજના ગ્રહોની કુંડળી**




**આજે ચંદ્ર સવારે પોણા બારે વૃશ્ચિક રાશિમાંથી ધન રાશિમાં પ્રવેશે છે. ● ગુરુ અને શનિ વક્રી ચાલે છે. ● મીનારક કમૂરતાં અને ચાંડાલ યોગ ચાલે છે. ● મીનનો બુધ નીચનો છે. ● જો જન્મના ગ્રહો બળવાન હશે તો...**

**મેષ** બારમે સૂર્ય બુધ - બુધ - નીચ રાશિનો - તેમજ આઠમે શનિ - મંગળની યુતિ બંને યોગ તમારે માટે નુકસાનકારક યોગ છે. ફક્ત ભાગ્યમાં ચંદ્રની શુભ અસર પ્રાપ્ત થાય તેમ છે - મિત્રફળ મળે.

**વૃષભ** ચોથે વક્રી ગુરુ તેમજ સાતમે વક્રી શનિની ચાલ તમોને અસંમજસમાં મૂકી દે તેમ છે - તમોને ખબર નહીં પડે કે ક્યાં શું કરવું ? તમારી નિર્ણય શક્તિ કુંઠીત કરી દે આવા યોગો - સાવધ રહેવું.

**મિથુન** સાતમે ચંદ્ર કૌટુંબીક શાન્તિ - સુખ - આપે - જીવનસાથી દ્વારા આનંદ પ્રાપ્ત થાય - આર્થિક ફાયદા કરાવે - દસમે નીચનો બુધ ખોટા નિર્ણય ના લેવડાવે તેનું ધ્યાન રાખશો તો સારું.

**કર્ક** આઠમે શુક્ર કેતુની યુતિ ચાંડાલ યોગથી દ્રષ્ટ હોઈ આપના માટે સારી નથી - ધ્યાન રાખીને ચાલશો તો સારું - સંયમ કેળવીને ભક્તિ - પૂજામાં મન પરોવશો તો તંદુરસ્તી જળવાઈ રહેશે.

**સિંહ** ગુરુ - રાહુની વક્રી ચાર રાશિમાંથી ચંદ્ર પર દ્રષ્ટિ કરીને આંશિક ગજકેસરી નવપંચમ યોગ કરે છે પરંતુ ચાંડાલ યોગના કારણે સારું ફળ મળતું અટકી જાય તેમ છે - સાચવશો.

**કન્યા** બારમે ગુરુ - રાહુની વક્રી ચાલ તમોને કોઈ જ સાચા નિર્ણયો લેવડાવે તેમ નથી. તમે ગમે તેટલું ધ્યાન રાખશો તો પણ ખોટા નિર્ણયોથી તમો હેરાન થવાના યોગો છે - બને તેટલું સાચવશો તો સારું.

**તુલા** છઠ્ઠે સૂર્ય બુધ - પાંચમે શુક્ર - અગિયારમે ચાંડાલ યોગ - આ બધું સ્થાનોની દ્રષ્ટિએ તે માટે લાભદાયક છે - સારા સ્થાનોમાં યુતિઓ તમને આર્થિક - શારીરિક - માનસિક વિકાસ કરાવે.

**વૃશ્ચિક** શનિ મંગળની યુતિ તમોને વિજય યોગની સાથે વ્યર્થ ખર્ચ ખાતાનો યોગ પણ થયેલ છે માટે જે કોઈ નિર્ણય લેવાના આવે તો પુખ્ત વિચારને અંતે પગલું ભરશો તો બચી જશો.

**ધન** બારમે શનિ મંગળ તમોને ખર્ચના ખાડામાં ઉતારી શકે છે. ધ્યાન રાખીને ચાલશો તો ફાવશો - બાકી પ્રલોભનોમાં ફસાશો તો પસ્તાવોનો પાર નહીં રહે.

**મકર** અગિયારમે સ્વગૃહી મંગળ શનિની યુતિમાં છે - મકાન - જમીનના કામોમાં નાના મોટા ફાયદા થાય. કાળજી અને સાવધાની રાખશો તો ફાયદો મોટો થશે - બીજે શુક્ર પણ સારો ફાયદો કરાવે.

**કુંભ** રાશિમાં શુક્ર તંદુરસ્તી વધુ સારી રખાવે - સાતમે ચાંડાલયોગ અને વક્રી ગુરુ તમારા જ્ઞાનની માત્રા ઓછી કરવામાં કારણભૂત બને - ખ્યાલ હોય પરંતુ યાદ ન આવે એ વક્રી ગુરુની ચાલ છે.

**મીન** રાશિમાં કમૂરતાં - મીનારક - નીચના બુધ સાથે છે જે કેન્દ્રમાં નીચ ભંગ રાજયોગ કરતો યોગ જ્યોતિષની દ્રષ્ટિએ છે પરંતુ બુધની નીચ રાશિ તેનું સ્વત્ત્વ ન ગુમાવે તેથી ધ્યાન રાખશો તો સારું.

# રાજ્યભરના ૪૯ તાલુકાના વિકાસ માટે સરકારી સહાય

અમદાવાદ, તા.૨૯

રાજય વિધાનસભામાં પ્રશ્નોતરીકાળ દરમિયાન અંકલેશ્વરના ધારાસભ્ય ઈશ્વરસિંહ પટેલના પ્રશ્નનો જવાબ આપતાં મંત્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજયના ૪૯ પછાત તાલુકાના સમ્યક વિકાસ માટે રાજય સરકાર ખાસ સહાય આપે છે. અતિ પછાત તાલુકાના વિકાસ માટેની યોજના અંગે વિશેષ માહિતી આપતાં મંત્રીએ જણાવ્યું હતું કે, આવા તાલુકાઓના સર્વાંગી વિકાસ માટે કોલગી સમિતિની રચના કરવામાં આવી હતી. જેમાં ૪૪ માપદંડો નક્કી કરવામાં આવ્યા હતા. જે અંતર્ગત ગામડાંની સ્થિતિ, ગામમાં બી.પી.એલ. પરિવારોની સંખ્યા, પશુપાલન પ્રવૃત્તિ, નાના-મોટા ઉદ્યોગો, માળખાકીય સુવિધા, શિક્ષણ, આરોગ્ય, પરિવહન સુવિધા જેવા ક્ષેત્રે સરવે-મૂલ્યાંકન કરાય છે. આ સમિતિએ ૩૦ તાલુકાઓને સૌથી પછાત ગણાવ્યા હતા. વર્ષ ૨૦૦૯માં તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ માનવ વિકાસ સુચકાંકના આધારે આવા ૩૦ તાલુકા સિવાય અન્ય ૧૧ તાલુકાનો ઉમેરો કર્યો હતો. આ ઉપરાંત જિલ્લાનું વિભાજન થયું ત્યારે જે તાલુકાઓમાં અતિપછાત તાલુકાના ૫૦ ટકા ગામડાં સમાવિષ્ટ થયા હોય તે તાલુકાને પણ અતિ પછાત ગણવાનું નક્કી કરતા હાલ રાજયમાં અતિપછાત તાલુકાની સંખ્યા ૪૯ થઈ છે. આવા તાલુકાના વિકાસ માટે ખાસ આયોજન યોજના અમલમાં છે. જે અંતર્ગત સચિવકક્ષાના અધિકારીને આવો તાલુકો સોંપવામાં આવે છે અને તેઓ પ્રભારી મંત્રીથી લઈને કલેક્ટર સુધી સંકલન કરી ખુટતા વિકાસ કામો માટે જરૂરી પ્રબંધ કરે છે. જરૂર પડયે બજેટમાં પણ જોગાવાઈ કરવામાં આવે છે. મંત્રીએ જણાવ્યું હતું કે, વિકાસશીલ તાલુકા હેઠળ વાલીયા તાલુકાને વર્ષ ૨૦૧૫-૨૦૧૬ દરમિયાન રૂ.૧૫૧ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે તે પૈકી તારીખ ૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં રૂ. ૧૧૦.૩૧ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે જેમાં કુલ ૨૮ વિકાસકામો મંજુર કરાયા છે, તે પૈકી ૧૭ કામો પૂર્ણ કરાયા છે અને ૧૧ કામો પ્રગતિ હેઠળ છે.

# રાજ્યના વેપારીઓ પાસેથી લુંટ ચલાવાય છે : ડૉ. હિમાંશુ પટેલ

### ભાજપ સરકાર-વેટ વિભાગની મિલીભગત જોવા મળી રહી છે : વેપારીઓને હાલ હેરાન પરેશાન કરાઈ રહ્યા છે

અમદાવાદ, તા.૨૯

ભાજપની ગુજરાત સરકાર અને વેટ વિભાગની મીલીભગતથી ગુજરાતના નાના અને મધ્યમ વર્ગના વેપારી આલમમાં ઉધાડી લૂંટ ચલાવાઈ રહી છે તેમજ વેપારીઓને હેરાન પરેશાન કરવામાં આવી રહ્યા છે એમ ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા ડૉ.હિમાંશુ પટેલે જણાવ્યું હતું. ડૉ.હિમાંશુ પટેલે વધુમાં જણાવ્યું હતું કે, જ્યારે વેપારી એ દ્વારા વેપારી બી ને અને વેપારી બી દ્વારા વેપારી સી ને માલ વેચાણ કરવામાં આવે ત્યારે ટેક્ષ ભરવાની જવાબદારી વેપારી એની જ રહે છે.

વેપારી બી અને વેપારી સી વેપારી એ એ ભરેલ વેટની ક્રેડીટ મળતી હોવાથી તેઓએ માત્ર માલના મૂલ્યમાં જેટલો વધારો થાય તેટલી રકમ પર જ વેરો ભરવાનો થાય છે. પરંતુ જો વેપારી એ જો ટેક્ષ ન ભરે તો વેપારી એ માલ જેમને વેચ્યો હોત તેઓની પાસેથી ભાજપની ગુજરાત સરકાર અને વેટ વિભાગ ખરીદેલ વેપારીઓ પાસેથી આ ટેક્ષ વસુલે છે અને વેપારી એની ખરાબ દાનતને કારણે સેલ્સટેક્ષ વિભાગ દ્વારા નાના અને મધ્યમ વર્ગના સાચા વેપારીઓને હેરાન પરેશાન કરવામાં આવી રહ્યા ચે. વેટ એ વેરો હોવાથી દરેક વેપારી તે પોતાના બિલમાં લગાવીને ખરીદનાર વેપારીને આપે છે અને માલ ખરીદનાર વેપારી તેને તે વેરાની રકમ ચુકવી આપે છે.

આમ, છતાં ભાજપની ગુજરાત સરકાર અને સેલ્સટેક્ષ વિભાગની મીલીભગતથી ખરીદનાર વેપારી પાસેથી ફરીથી એ જ રકમની ઉધરાણી કરવામાં આવે છે. આમ સાચા વિપારીઓએ એક જ માલનો બે કે તેથી વધુ વખત વેરો ભરવો પડે છે જાણે કે પાડાને વાંકે પખાલીને ડામ.

ડૉ.હિમાંશુ પટેલે વધુમાં જણાવ્યું હતું કે, આ બાબતે વેપારીઓ દ્વારા વારંવાર વેટ ડીપાર્ટમેન્ટ અને ભાજપ સરકારને રજુઆત કરવા છતાં આ કુંભકર્ણ સરકાર દ્વારા કોઈ જ પગલાં લેવામાં આવતા નથી, એવું લાગી રહ્યું છે કે આ પૈસા ભુખી ભાજપ સરકારે નાના અને મધ્યમ વર્ગના વેપારીઓ પાસેથી યેનકેન પ્રકારે નાણાં ઉધરાવવાનો વેટ ડીપાર્ટમેન્ટને ઈજારો આપેલ હોય એમ દેખાઈ રહ્યું છે.

# સ્કૂલના વોટરકુલરમાં વિજ કરંટથી બાળકનું થયેલું મોત

અમદાવાદ, તા.૨૯

શહેરના નવા વાડજ વિસ્તારમાં ભાવસાર હોસ્ટેલ પાસે આવેલી ડીપી હાઈસ્કુલમાં ધો.૨માં અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરતા હર્ષિલ સોની (ઉ.વ.૭)નું સ્કુલમાં વોટર કુલરમાં વીજ કરંટ લાગવાથી મોત નિપજ્યું હતું. આ ઘટના બનતા સ્કુલ સત્તાધીશોમાં બુમાબુમ અને અફરા તફર મચી જવા પામી હતી. સ્કુલ સત્તાધીશો એ હર્ષિલને સારવાર અર્થે ભીમજીપુરા ખાતે આવેલ ગાયત્રી હોસ્પિટલમાં સારવાર અર્થે બેસડવવામાં આવ્યું હતું. આ ઘટનાની જાણ પરીવારજનોને કરતા તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી આવ્યા હતા. આ ઘટનાની જાણ વાડજ પોલીસને કરતાં તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી આવ્યા હતા અને તપાસ શરૂ કરી હતી. આ ઘટનામાં પરીવારજનોએ સ્કુલની બેદરકારીનો આક્ષેપ કર્યો હતો. આ અંગે પોલીસે મોતનો ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે. સુત્રો મુજબ શહેરના નવા વાડજ વિસ્તારમાં આવેલ ગોકુલ એપાર્ટમેન્ટમાં રહેતા રાજીવભાઈ સોનીનો પુત્ર હર્ષિલ સોમવારે સ્કુલ ગયો હતો. તે દરમ્યાન લગભગ ૪.૧૫ વાગ્યાની આસપાસ હર્ષિલ પાણી પીવા માટે વોટર કુલર પાસે ગયો હતો અને જેવું પાણી પીવા ગ્લાસ ઉપાડ્યો કે અચાનક વોટર કુલરમાં જબરદસ્ત વીજ કરંટ આવ્યું હતું. કરંટ લાગતા જ હર્ષિલ દાઝી ગયો હતો અને નીચે ઢળી પડ્યો હતો. આ ઘટના બનતા સ્કુલ સત્તાધીશો ભેગા થઈ ગયા હતા. હર્ષિલને સારવાર અર્થે ભીમજીપુરાના ગાયત્રી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ડૉક્ટરોએ મૃત જાહેર કર્યો હતો. આ ઘટનાની જાણ વાડજ પોલીસને કરતાં તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી આવ્યા હતા અને તપાસ શરૂ કરી હતી. મૃતક હર્ષિલના પરીવારજનોએ સ્કુલ સત્તાધીશોની બેદરકારી હોવાનો આક્ષેપ કર્યો હતો. હાલ પોલીસે મૃતક હર્ષિલના મૃતદેહને પેનલ પોસ્ટ મોર્ટમ અર્થે સિવિલમાં ખસેડવામાં આવ્યો હતો. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



જ્વેલર્સ એસોસિએશન દ્વારા ટુ વ્હીલર અને ફોર વ્હીલરની રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

# અરવલ્લી જિલ્લા ભાજપના વિવિધ હોદ્દેદારોની વરણી

મોડાસા, તા. ૨૯

અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખે આજે છ જેટલા વિવિધ તાલુકા તથા શહેરમાં હોદ્દેદારોની નિમણૂંક કરી હતી. જેમાં કેટલાક અનુભવી તથા નવા નિશાળીયાઓને પણ સ્થાન મળ્યું છે. આમ આગામી દિવસોમાં કોંગ્રેસ સામે ટક્કર લેવા નવી ટીમની રચના કરવામાં આવી છે.

મોડાસા શહેર : પ્રમુખ - જગદીશભાઈ ત્રિભોવનભાઈ ભાવસાર, મહામંત્રી - યશવંતભાઈ લાભશંકર વ્યાસ, મહામંત્રી - રણધીરભાઈ ચુડગર

બાયડ શહેર : પ્રમુખ - સ્નેહલકુમાર જગદીશભાઈ પટેલ, મહામંત્રી-મણીભાઈ રેવાભાઈ પંચાલ, મહામંત્રી - અતુલભાઈ કે. પટેલ

બાયડ તાલુકો : પ્રમુખ - માનસિંહ એમ. પરમાર, મહામંત્રી - અમૃતભાઈ આઈ. પટેલ, મહામંત્રી - બિપીનભાઈ જે. પટેલ

ભીલોડા : પ્રમુખ - રમેશચંદ્ર કે. રાવલ, મહામંત્રી - ભીખાભાઈ કે. પટેલ, મહામંત્રી - ઈન્દ્રજીતસિંહ એ. રાઠોડ મોડાસા તાલુકો : મહામંત્રી - કનુભાઈ કે. પટેલ, મહામંત્રી - જયેશકુમાર આઈ. રબારી

ધનસુરા : મહામંત્રી - વીનુભાઈ ભલુભાઈ પટેલ, મહામંત્રી - પ્રવીણભાઈ એમ. પટેલ

## સિવિલ ડીફેન્સ યુનિટની બેઠક યોજાશે

સિવિલ ડીફેન્સ યુનિટ (નાગરિક સંરક્ષણ એકમ) ગાંધીનગર દ્વારા આગામી તા. ૩૧મી માર્ચને ગુરુવારના રોજ સાંજે ૫.૦૦ કલાકે ડૉ. જીવરાજ મહેતા ભવન, જુના સચિવાલય ખાતે બેઠક યોજાશે. આ બેઠકમાં સિવિલના પદાધિકારીઓને તેમજ વોર્ડનોએ હાજર રહેવા ચીફ વોર્ડન અરૂણ બુચે જણાવ્યું છે.

## ધી ગુજરાત સ્ટેટ પેન્શનર્સ વેલ્ફેર કો.ઓ. ક્રેડિટ સોસાયટી દ્વારા વિવિધ યોજનાઓની જાહેરાત

ધી ગુજરાત સ્ટેટ પેન્શનર્સ વેલ્ફેર કો.ઓ. ક્રેડિટ સોસાયટી લિ. ગાંધીનગર દ્વારા રાજયમાં સૌ પ્રથમ નિવૃત્ત કર્મચારીઓ, અધિકારીઓ અને વરિષ્ઠ નાગરિકોના કલ્યાણ માટે વિવિધ પ્રકારની યોજનાઓ જાહેર કરવામાં આવી છે. આ સંસ્થા તરફથી નિયમ મુજબ યોગ્ય રકમનું ધિરાણ, થાપણ ઉપર આકર્ષક દરે વ્યાજ અને આરોગ્ય ક્ષેત્રે રાહતદરે શુધ્ધ જળ વિતરણની યોજના સભાસો, પેન્શનર્સ તેમજ વરિષ્ઠ નાગરિકો માટે શરૂ કરવામાં આવશે. આ યોજનાનો લાભ લેવા માટે નગરજનોએ સંસ્થાના જનસંપર્ક અધિકારી સુરેશભાઈ પરમાર, હુસેનખાન પઠાણ અને રશ્મિન ત્રિવેદીનો સંપર્ક કરવા જણાવાયું છે.

## હાઈજેક ડ્રામા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કરી શકી ન હતી. આ અગાઉ વિમાનને સાયપ્રસમાં ઉતારવાની ફરજ પાડવામાં આવી હતી પરંતુ તમામ યાત્રીઓને વહેલી તકે છોડી મુકવામાં આવ્યા હતા. અધિકારીઓએ દાવો કર્યો હતો કે, આ ઘટના ત્રાસવાદ સાથે જોડાયેલી નથી. અપહરણકારે સાયપ્રસની એક મહિલાને મળવાની માંગ કરી હતી જે તેની પૂર્વ પ્રેમિકા છે અને તે આ દેશમાં રહે છે. ઈજિપ્તનું આ વિમાન લરકાનામાં સવારે ૮.૫૦ વાગે ઉતર્યું હતું. ઈજિપ્તના નાગરિક ઉડ્ડયન મંત્રાલયે કહ્યું છે કે, અપહરણકર્તાએ એરબસ એ-૩૨૦માં વિસ્ફોટક બેલ્ટથી બ્લાસ્ટ કરવાની ચેતવણી આપી હતી. આ વિમાન એલેક્ઝેંડેરિયાથી કેરો જઈ રહ્યો હતો. નિવેદનમાં કહ્યું છે કે, આ વિમાનમાં ૨૧ વિદેશી નાગરિકો હતા જેમાં આઠ અમેરિકી, ચાર નેધરલેન્ડ અને ચાર બ્રિટિશ નાગરિકો હતા. ફ્રાંસનો પણ એક નાગરિક હતો. વિમાનમાં કુલ ૫૫ યાત્રીઓ હતા. હાઈજેકરે માંગ કરી હતી કે, વિમાનને તુર્કી અથવા તો સાયપ્રસમાં ઉતારવામાં આવે. વિસ્ફોટક તેની પાસે હોવાની માહિતી મમળ્યા બાદ તંત્રમાં દહેશત ફેલાઈ ગઈ હતી. સાયપ્રસના પ્રમુખ નિકોસે પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતુંકે, અંગત કારણોથી આ ઘટનાને અંજામ અપાયો હતો.

## નવાં કલેવર ● ૪ પાનાનું ચાલુ...

કરી લીધો. કોઈ રીતે સમજાવી નહીં શકાય એમ લાગતાં નરેશે તેને રોકવાની કોશિશ ન કરી.

નરેશે વિચાર્યું કે હવે નમ્રતા સાથે ફોન પણ વાત કરું. તેને કહીશ કે મારો વિશ્વાસ ન પડતો હોય તો આવીને જોઈ લે. કોઈએ ફોન પર જરા મજાક કરી. તેને તેં સાચી માની લીધી. એમ વિચાર કરતાં કરતાં તેણે નમ્રતાનો નંબર ડાયર કર્યો. એ જ નંબર તમે ડાયલ કર્યો છે તે સ્વીચ ઓફ છે. વારંવાર એ જ ઉત્તર મળ્યો.

છેવટે નરેશને એમ લાગ્યું કે રૂબરૂ જઈને જ નમ્રતાને મનાવી લઈશ. સાંજે તે બસમાં નીકળી પડ્યો. તેના મગજમાં વિચારોમાં ભરતી ઓટ આવતી હતી. તે મનને મનાવતો હતો કે નમ્રતા ભોળી છે તે માની જશે. નહીં માને તો કાન પકડીને ઉઠબેસ કરીશ તો એ બાળકની જેમ હસી પડશે. ત્યારે સરોવરની વચ્ચેના ટાપુની વાત ફરી પુછીશ. વિચાર કરતાં કરતાં તેની આંખ કયારે મીંચાઈ ગઈ તેની ખબર ન રહી.

નમ્રતા હોઠ પર સ્મિત ફરકાવતી જાણે કે કહી રહી હતી. તે દિવસે તો ટાપુને દોષ દેતો હતો. એ ભલે સરોવરના માથે ચડી બેઠો હોય બીજે તો કયાંક નથી ગયો ને... સારું તું સુખી તો છે ને, મારી બાબતમાં વધુ વિચાર ન કરતો...

'અરે! તું તારી જ હાંકયે રાખે છે મારું તો જરા સાંભળા કહેતાં નરેશે નમ્રતાનો હાથ પકડવાની કોશિશ કરી ત્યાં બસમાં જોરથી ઝાટકો લાગતાં તેની ઊંઘ ઊડી ગઈ. તેણે આંખો ચોળતાં બહાર જોયું. ભરૂચનો ગોલ્ડન બ્રીજ જતો રહ્યો હતો. તે જલ્દી જલ્દી નમ્રતા પાસે પહોંચવા માંગતો હતો. પણ સમય તેની ગતિએ આગળ વધતો હતો.

બસમાંથી ઉતરી એ નમ્રતાના ઘર તરફ ચાલી નીકળ્યો. પણ ત્યાં જઈ જોતાં મોટું તાળું ઘરના દરવાજે લટકતું હતું. પાડોશમાં બહાર બેઠેલા એક વડીલને પુછતાં તેમણે કહ્યું કે નમ્રતા કયાંક જતી રહી છે. તેનાં માબાપ શોધે છે.

લોકોનું કહેવું છે કે ગઈકાલે સાંજે તે સરોવર તરફ જતી હતી. તે પછી તેની કોઈ જાણ નથી.

થાકેલો હારેલો નરેશ ધીમે પગલે સરોવર તરફ ગયો. ટાપુ તેની જગ્યાએ અને સરોવર પણ પોતાની જગ્યાએ. પ્રવાસીઓ નૌકાવિહારમાં મસ્ત. નરેશ ટાપુ પર પોતાની દૃષ્ટિ ખોડીને ઊભો હતો ત્યાં પાછળથી ખિલખિલાટ કરતાં કોઈએ કહ્યું, 'આ ટાપુ કઈ રીતે બન્યો ખબર છે?'

નરેશે ચોંકીને આજુબાજુ જોયું. પણ ત્યાં દૂર દૂર કોઈ નહોતું.

## hello ફ્રેન્ડ્સ! ● ૪ પાનાનું ચાલુ...

વિચારો બદલો તો વહુ બદલાઈ જશે. વહેતા સમયની સાથે પરિવર્તન અવશ્ય આવ્યું છે, છૂટછાટ મળી છે પણ તોય અમુક પ્રશ્નો પનો નથ મુકતા તે નથી જ મુકતાં. સમાજની શરમા શરમીએ દેખાદેખીમાં હજીએ ઘણી વાતો ભલે જાહેરમાં ડાહી ડાહી વાતો કરતાં હોય, ખાનગીમાં તો જે તે પરિવારમાં એમનાં રૂઢિચુસ્ત વિચારો ઠોકી જ બેસાડતાં હોય છે!!

ચૂંટલો : કોઈ કુંવારી છોકરીને એના પોતાના રંગ, રૂપ, બોડી સ્ટ્રકચર, ડીગ્રી, આર્થિક પરિસ્થિતિને કારણે વર શોધવામાં તકલીફ પડતી હોય, વિધ્નો આવતાં હોય, માનસિકતા કાટ ખાઈ ગયેલી હોય તો શી રીતે કહી શકાય કે સમાજ સુધર ગયા હૈં? જયારે પાણી માથાથી ઉપર વહેશે ત્યારે તેઓ એટલું જ ગાશે કે 'રિવાજો કી પરવા ના રસમોં કા ડર હૈં, મેરી આશિકી મુજીસે ખબર હૈ...'

## વિધિવત જાહેરાત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મતદાનનો સમય સવારે ૮ થી ૫ નો રહેશે તે અંગે પુછાયેલા એક પ્રશ્નના ઉત્તરમાં ચૂંટણી કમિશ્નરશ્રીએ જણાવ્યુ હતુ કે મતદાનના સમયમાં ફેરફાર અંગે ગરમીના પારાનો અભ્યાસ કરી જરૂરી જણાશે તો ફેરફાર કરવા માટે પંચનુ મન ખુલ્લુ છે.

તેમણે જણાવ્યુ હતુ કે ગાંધીનગર મહાનગરપાલિકાની હદમાં આજથી જ આદર્શ આચાર સંહિતાનો અમલ શરૂ થશે. સરકારી કાર્યક્રમ કે અન્ય કાર્યક્રમ અંગે હજુ સુધી પંચને કોઈ અરજી મળી નથી. તેમણે જણાવ્યુ હતુ કે જે યોજનાઓની કામગીરી ચાલુ થઈ ચુકી હોય તો તેને આચારસંહિતા લાગુ પડશે નહિ. પરંતુ નવી કોઈ યોજનાની જાહેરાત પણ થઈ શકશે નહિ.

## અમેરિકા યાત્રા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હુમલામાં ૭૨ લોકોના મોત થયા હતા અને ૨૩૩ લોકો ઘાયલ થયા હતા. ઘાયલો પૈકી અનેક હજુ ગંભીર છે. દરમિયાન આત્મઘાતી હુમલા બાદ પાકિસ્તાનના જુદા જુદા ભાગોમાં દરોડાનો વ્યાપક દોર જારી રહ્યો છે. કેટલાક શકમંદોને અટકાયતમાં પણ લેવામાં આવ્યા છે. તેમની પુછપરછ ચાલી રહી છે. શહેરમાં ઈકબાલ વિસ્તારમાં ગુલશન એ ઈકબાલ પાર્કમાં મોટી સંખ્યામાં ખ્રિસ્તી સમુદાયના લોકો હાજર હતા ત્યારે સાંજે ૬-૪૦ વાગ્યાની આસપાસ હુમલો કરવામાં આવ્યો હતો. આ ભીષણ હુમલો તહેરીકે તાલિબાન પાકિસ્તાન દ્વારા કરવામાં આવ્યો હતો.

વિસ્ફોટના સ્થળ પર બોલ બેરિંગ પણ મળ્યા છે. આત્મઘાતી હુમલા મામલે ઉંડી તપાસ ચાલી રહી છે. સંવેદનશીલ વિસ્તારોમાં દરોડા પાડવામાં આવી રહ્યા છે. જાણકાર લોકો કહી રહ્યા હતા કે, નવાઝ શરીફ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પણ આ ગાળામાં મળશે તેમ માનવામાં આવી રહ્યું હતું. લાહોરમાં હાલમાં જ પ્રચંડ આત્મઘાતી હુમલો કરવામાં આવ્યો હતો. લાહોરમાં હુમલો કરાયો તેના થોડાક દિવસ પહેલા જ બેલ્જિયમના પાટનગર બ્રસલ્સમાં પણ આત્મઘાતી હુમલો કરાયો હતો જેમાં મોટી ખુવારી થઈ હતી. આતંકવાદનો મુદ્દો સિક્યુરિટી સમિટમાં જોરદારરીતે ચમકે તેમ માનવામાં આવે છે.

## અમૂલ બ્રાન્ડ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગુણવત્તાનો સરળતાપૂર્વક લાભ લેવા માટે મધુર ડેરીએ અમૂલના મૂળભૂત લોકો સાથે એમ.ઓ.યુ. કરવું જરૂરી હતુ. જ્યારે ગુજરાત રાજ્યના અન્ય જિલ્લા દૂધ સંઘો પોતાની વૃત્તિ-પ્રવૃત્તિને વિસ્તારતા હોય એવા સમયે ગાંધીનગર જિલ્લા દૂધ સંઘ (મધુર ડેરી) પણ ફેડરેશનના મેમ્બર તરીકે પોતાની ઓળખ જાળવી રાખીને દૂધ અને છાશ જેવી ગુણવત્તા યુક્ત ઉત્પાદનનું એમ.ઓ.યુ. કરે તો, આ સભાસદો અને મંડળીઓના હિતની વાત છે. સંસ્થાના ચેમરેન તરીકે ડૉ. શંકરસિંહ રાણાના નિવેદન પ્રમાણે ડેરીના વિકાસને વેગવંતો બનાવવા માટે ગાંધીનગર ડેરી, એ કોઈ શહેર પુરતી સમિતિ ન રહેતા વિશાળ ફલક ઉપર પોતાના વિસ્તારને વધારે સાચવી શકે અને જ્યાં આપણું દૂધ સારૂ હોવા છતાં અમૂલ બ્રાન્ડની એક આંતર રાષ્ટ્રીય ઓળખ હોવાના લીધે ગાંધીનગરના જ વિસ્તારો મોટેરા, ચાંડખેડા વિગેરે વિસ્તારોમાં પાછલી રીતે માલનુ લાદણ (ડમ્પીંગ) અટકાવવા માટે પણ આ બાબતો જરૂરી હતી. પશુપાલકોની વાત કરીએ તો પશુપાલકોને પોષણક્ષમ ભાવ મળે એટલું જ નહિ, વધતા વિસ્તારને પહોંચી વળવા બહારના વિસ્તારમાંથી લેવામાં આવતા દૂધને ગુણવત્તાલક્ષી બનાવવા આ બાબતે એમ.ઓ.યુ. કરવું જરૂરી હતુ. જેથી આજરોજ સંસ્થાના મેનેજીંગ ડિરેક્ટરશ્રી રોહિતભાઈ મહેતા અને ફેડરેશનના મેનેજીંગ ડિરેક્ટરશ્રી આર.એસ. સોઢી સાહેબ સાથે રહી અને બન્ને મંત્રીશ્રીઓ અને સંસ્થાના ચેરમેનશ્રીની હાજરીમાં નક્કી થયા મુજબ તા. ૨-૪-૨૦૧૬ના રોજથી ગાંધીનગરમાં મધુરના દૂધનું ડમ્પીંગ અમૂલના નામથી થશે, જેની સૌ પ્રજાએ નોંધ લેવા માટે નક્કી કરેલા કાર્યક્રમ મુજબ આજે ઉપરોક્ત બાબતો, દરેક ચેરમેનો, મંડળીના મંત્રીઓ અને પશુપાલકોની હાજરીમાં નક્કી કરવામાં આવેલ. છેલ્લે ગાંધીનગર શહેર અને જિલ્લાના પ્રજાજનોને જણાવતા આનંદ થાય કે, મધુર દૂધ પોતાની ગુણવત્તા છોડશે નહિ અને તેમ છતાંય અમૂલ બ્રાન્ડનો લાભ એના ઘર આંગણે મળી રહેશે. આ બાબત ગ્રાહકલક્ષી હોઈ, નિર્ણય લેવામાં આવેલ છે. જેની નોંધ લેવા જણાવવામાં આવે છે.

**જાહેરાત**

કમિશનરશ્રીની કચેરી, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.૮, પ્રથમ માળ, ગાંધીનગર આ કચેરી ખાતે ઈલેક્ટ્રીક રીપેરીંગની કામગીરી માટે વાર્ષિક કરારથી કામગીરી કરવાની હોય મકાન અને માર્ગ ખાતામાં રજીસ્ટર થયેલ હોય તેવા માન્ય કોન્ટ્રાક્ટરો પાસે ભાવપત્રક બંધ કવરમાં વહીવટી અધિકારીશ્રીના નામજોગ રજીસ્ટર પો.એ.ડી. / સ્પીડ પોસ્ટથી ઉપરોક્ત સરનામે તા. ૧૮/૪/૨૦૧૬ સુધીમાં સાંજે ૫.૦૦ વાગ્યા પગેલાં મળી જાય તે રીતે મોકલવા. આ ભાવપત્રક રદ કરવા બાબતનો અબાધિત અધિકાર કચેરીનો રહેશે. અને તે અંગેના કારણ દર્શાવવામાં આવશે નહીં.

કમિશનર વતી,
ખોરાક અને ઔષધ નિયમન તંત્ર,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

માહિતી/૨૯૦૦/૨૦૧૫-૧૬